
## હરિની દ્રષ્ટિ...


- હરિન ભટ્ટ




મે પણ મારા જમાનામાં ફુલ આપવાથીજ શરૂઆત કરી હતી...!!

# ચંદ્રાલા લકઝરી બસના મુસાફર પાસેથી પિસ્ટલ-તમંચો અને કારતુસ મળ્યા





ગાંધીનગર,તા.૧૩

ચંદ્રાલા નાકા પોઈન્ટ પર થી વાહન ચેકીગ દરમિયાન ચિલોડા પોલીસના જવાનોએ ટ્રાવેલ્સની બસના મુસાફર પાસેથી પિસ્તોલ અને દેશી હાથ બનાવટનો તમંચો તેમજ ૪૨ કારતુસ સાથે બે શખ્સને પકડી પાડ્યા છે. જયારે પિસ્ટલ અને તમંચો મંગાવનાર આરોપી ગંભીર ગુનાને અંજામ આપે તે પહેલા પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકના જવાનો ચંદ્રાલા નાકા પોઈન્ટ પર રાત દિવસ વાહન ચેકીંગની કામગીરી કરે છે. ત્યારે ચિલોડા પોલીસ મથકના પીઆઈ એ.એ.અસારીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સના પીએસઆઈ એન.બી.ચૌધરી સ્ટાફના કર્મચારીઓ સાથે વાહન ચેકીંગમાં હતા. તે સમયે લેકસીટી ટ્રાવેલન્સની બસ નં.આર. જે. ૨૭.પી.સી. ૦૦૪૦ હિંમતનગર તરફથી આવતા સાઈડમાં કરાવી મુસાફરોના સામાનના ચેકીંગની કામગીરી હાથ ધરી હતી. રાહુલકુમાર પ્રેમ પાલસિંહ ચૌધરી (જાટ), અને તનિષ હરેન્દ્રકુમાર ચૌધરી (જાટ) (ઉં.૨૨, રહે. ગામ ગહતૌલી નિર્મલ, પોસ્ટ ખાસ થાના પાલી મુકીમપુર તા.અતરોલી જી અલીગઢ યુપી) થેલામાંથી પિસ્ટલ (માઉઝર) તેમજ દેસી હાથ બનાવટનો તમંચો અને ૪૨ કારતુસ મળી આવ્યા હતા. પોલીસે આ હથીયાર અંગે પુછપરછ કરતા પિસ્ટલ અને તમંચો ગોલુકુમાર (રહે.ગડીયા તા.જી.અલીગઢ) પાસેથી લાવ્યા હોવાનું જણાવ્યું હતું. જયારે હથીયાર રાજકોટ ખાતે શ્યામ આહીરને આપવા માટે લાવ્યા હોવાની હકીકત જણાવી હતી. જેથી પોલીસે રાજકોટના શ્યામ આહીર ગંભીર ગુનાને અંજામ આપે તે પહેલા જ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે પિસ્ટલ, તમંચો, કારતુસ અને મોબાઈલ મળી કુલ રૂ.૫૦ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ઘરની સફાઈ માટે રાખેલી મહિલાઓ તિજોરી સાફ કરી ગઈ

# ગાંધીનગર ભાટના આત્રે બંગ્લોઝમાંથી રૂ.૬.૪૦ લાખના દાગીનાની ચોરી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર ભાટ આત્રે એક્ષોટીકા બંગ્લોઝમાં ત્રણ કામવાળી બહેનો ઘરમાંથી રૂ.૬.૪૦ લાખના સોનાના દાગીના લઈ રફુચકકર થઈ ગઈ છે. ઘરની સફાઈ માટે રાખેલી મહિલાઓએ ઘર સાફ કરી જતી રહી છે. ત્યારે સીસીટીવી કેમેરામાં મહિલાઓ ઘરમાં શંકાસ્પદ હીલચાલ કરતી જોવા મળે છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના ભાટ આત્રે એક્ષોટીકા બંગ્લોઝ નં-૪માં કેતન પ્રકાશ જાંગીયાની પરિવાર સાથે રહે છે અને ફુટવેર બનાવવાનો વેપાર કરે છે. ગત તા.૨૯ જાન્યુઆરીના રોજ ઘરે કામ માટે આવતા બહેન ગામડે લગ્ન હોવાથી પાંચ દિવસ સુધી આવશે નહી તેમ કહીને રજા લઈ ગયા હતા. કેતનભાઈના માતા ઘરે હાજર હતા તે સમયે ત્રણ અજાણી મહિલાઓ આવી હતી અને ઘર સફાઈ માટે વાતચીત કરી હતી. ત્યારબાદ એક મહિલાને કામ માટે આવવાનું કહ્યું હતું. પરંતુ ત્રણેય બહેનોએ સાથે કામ કરવાની તૈયારી દર્શાવી હતી. ઘર સફાઈ માટે રાખવામાં આવેલી મહિલાઓ ઘર સાફ કરીને જતી રહી છે. ત્રણેય મહિલાઓ ગત તા.૩૧ જાન્યુઆરીના રોજ બપોરના સમયે ઘરનુ કામ બાકી રાખી મકાન નં.૮માં કામ કરીને આવવાનુ કહીને જતી રહી હતી. ત્યારબાદ થી આજ દિન સુધી મહિલાઓ ઘરે કામ કરવા આવી નથી. તેઓએ મોબાઈલ નંબર કે સરનામુ પણ કીધુ ન હતું. જયારે ગતા.૪ ફ્રેબુઆરીના રોજ ફરીયાદીના માતાને મરણ પ્રસંગે જવાનું હોવાથી ઘરમાં ડ્રોવરમાં મુકેલા સોનાના દાગીના પહેરવાના હોવાથી તપાસ કરતા મુકેલા દાગીનામાંથી માતાની સોનાની ચાર બંગડી, એક જેન્ટસનું કંગન મળી કુલ રૂ.૬.૪૦ લાખના દાગીના ઘરમાંથી ગાયબ થઈ ગયા હતા. ઘરમાં રહેલા સીસીટીવી ફુટેજ ચકાસતા ગત તા.૩૧ જાન્યુઆરીના રોજ ત્રણ બહેનો કામ માટે આવી હતી.જેમાં ઘરમાં શંકાસ્પદ રીતે હલન ચલન કરી ઘરનું કામ કર્યા વિના ચોરી કરીને જતી રહી હતી. ત્યારબાદ ત્રણેય બહેનો અત્રે બંગ્લોજ તેમજ આસપાસની સોસાયટીમાં કામ કરવા આવતી નથી. ત્રણેય બહેનોની આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતા મળી ન આવતા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

## ખૂણેખાંચરેથી

- ડભોડિયા હનુમાનજી મંદિરના પૂર્વ મહંત જુગલદાસજી મહારાજની યાદમાં પાખી રાખવામાં આવી હતી.
- શાહપુર પ્રા. શાળાની કિશોરીઓને આજે ખાસ તાલિમ આપવામાં આવી હતી.
- રોટરીક્લબ ડીસ્ટ્રીક ૩૦૫૪ના ડિસ્ટ્રીક ગર્વનરે રોટરી કલબ ઓફ ગાંધીનગરની મુલાકાત લીધી હતી.
- માણસા તાલુકાના ચડાસણા ગામે કોટન ઈન્ડસ્ટ્રીઝની દિવાલ તોડી રૂ. ૩ લાખથી વધુ મત્તાની ચોરી કરી ફરાર થતાં લોકોમાં ભયની લાગણી પ્રસરી જવા પામી છે.
- દહેગામના રખિયાલમાં દુકાનોના તાળા તુટતાં લોકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.
- કલોલ શુકન એવન્યુના શોપીંગ સેન્ટરમાં પાર્ક કરેલી એક્ટીવાની ચોરીની ઘટના પોલીસમાં નોંધાઈ છે.
- આસામની પંચાયતી રાજની ટીમ જિલ્લાના અડાલજ ગામની મુલાકાતે આવી રહેલ છે.
- આજે સોમવાર એ પ્રજા માટેનો દિવસ હોવા છતાં જિલ્લાના ઘણા અધિકારીઓ મિટીંગોમાં વ્યસ્ત રહ્યા હતા.
- ગાંધીનગર હેરમાં કેટલાક સેક્ટરોમાં પાણીનો પુરવઠો ઓછા ફોર્સથી મળતો હોવાની ફરિયાદો ઉઠી છે.
- ગાંધીનગરના જુના સેક્ટરોમાં ડોર ટુ ડોર કલેક્શન માટેની ગાડીઓ અનિયમિત બનતાં લોકજીભે ચર્ચાનો મુદ્દો બનેલ છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- દહેગામના કનીપુર ગામે ૧૩ ગામ લેઉઆ પાટીદાર સમાજનો ૩૩મો સમુહલગ્ન સમારોહ યોજાઈ ગયો. જેમાં ૨૮ દંપત્તિઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં સે. ૭ પોલીસમથકે રિક્ષા ચોરીની ફરિયાદ નોંધાઈ છે.
- ગાંધીનગર શહેરમાં ૫ લોકોને કોરોના પ્રિકોશન ડોઝ અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.
- આજે મ્યુનિ. કમિશનરના અધ્યક્ષપદે ગાંધીનગર શહેરી ટી.બી. ફોરમની બેઠક મનપા ખાતે યોજાશે.
- સે. ૨૧ સ્થિત સદસ્ય નિવાસમાં રિનોવેશનની કામગીરી અંગે સભ્યો દ્વારા પત્રો લખવામાં આવ્યા છે.
- પ્રદેશ ભાજપ કાર્યાલય ખાતે સ્વાસ્થ્ય સ્વયંસેવકોની બેઠકનું આયોજન કરવામાં આવ્યુ છે.

## શેરથા કટ પાસે ટ્રેલરના પૈંડા ફરી વળતા મહિલાના પગ ચગદાઈ ગયા

ગાંધીનગર, તા.૧૩

કલોલ થી અડાલજ હાઈ-વે પર શેરથા કસ્તુરીનગર કટ પાસે ટ્રેલર ચાલકે રીક્ષાને ટકકર મારી અકસ્માત સર્જાયો હતો. જેમાં રીક્ષામાં સવાર મહિલા નીચે પડી જતા ટ્રેલરના તોતિંગ પૈંડા ફરી વળતા મહિલાના બંને પગ ચગદાઈ ગયા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદના રામોલ મદનીનગર ખાતે રહેતા આસીફ સલીમભાઈ શેખ રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગઈકાલે આસીફ શેખ તેના મામા અહેમદખાન પઠાણ તેમ મામી વજીરઆપા (બંન્ને રહે.રામોલ રાજીવ નગર ટેકરા અમદાવાદ) મામાની દિકરી બિલ્કીશબાનું તેમજ નરગીશબાનુ (રહે.બંને રામોલ) સહિતના સભ્યો કલોલ-સઈજ ગુરૂકુલ ખાતે દવાખાનામાં ફરીયાદીના મામાના ભાઈની તબિયત ખરાબ હોવાથી ખબર-અંતર પુછવા માટે ગયા હતા. ત્યારે બપોરના ચાર વાગ્યાના અરસામાં દવાખાનાથી પરત રામોલ જવા માટે નીકળ્યા હતા. રીક્ષા અડાલજ તરફ જઈ રહી હતી તે સમયે કસ્તુરીનગર શેરથા કટ પાસે ટ્રેલર નં. જી.જે.૧૨.બી.વાય.-૪૮૩૮ ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી રીક્ષાને પાછળથી ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં રીક્ષા નં. જી.જે.૨૭.વાય.-૨૫૯૮ નમી પડતા તેમા સવાર બિલ્કીશબાનુ નીચે પડી જતા ટ્રેલરના તોંતિગ પૈંડા તેણીના પગ પર ફરી વળતા પગ ચગદાઈ ગયા હતા.જયારે ટ્રેલર ચાલક અકસ્માત સર્જીને ટ્રેલર સ્થળ પર મુકીને ભાગી ગયો છે. જયારે બિલ્કીશબાનુંને સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ ગયા હતા. જયા મહિલાનો એક પગ કાંપવાની ફરજ પડી હતી.જયારે બીજા પગે પ્લાસ્ટીક સર્જરી કરવી પડી હતી. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## સેક્ટર-૮ માંથી સાયકલ ચોરી

ગાંધીનગર,તા.૧૩

ગાંધીનગર શહેરમાં ગુનાખોરીનું પ્રમામ દિન-પ્રતિદિન વધી રહ્યું છે. ઘરફોડ,ચોરી, લુંટ, વાહનચોરી સહિતના ગુનાઓ સામાન્ય બની ગયા છે. શહેરમાં વાહનચોરી અટકવાનું નામ લેતી નથી. ઘર પાસે પાર્ક કરેલા ટુ-વ્હીલર સલામત રહ્યા નથી.ત્યારે શહેરમાં સાયકલ ચોરી કરતી ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. સાયકલ ચોરી અંગે ખાસ કોઈ ફરીયાદ નોંધાવતુ નથી, પરંતુ સાયકલ ચોરીના કિસ્સા રોજ બરોજ મોટીસંખ્યામાં સામે આવી રહ્યા છે. ત્યારે તાજેતરમાં ગાંધીનગર સમાચારની ઓફિસની બાજુના બ્લોકમાંથી પાર્ક કરેલી સાયકલ રાત્રીના અંધકારમાં ચોર શખ્સો ચોરી કરી પલાયન થઈ ગયા છે. મોંઘીદાટ સાયકલ હોવા છતા નાગરીકો સાયકલ ચોરી અંગે પોલીસ મથકના પગથીયા ચડતા ન હોવાથી ચોર શખ્સોને જાણે મોકળુ મેદાન મળી ગયું હોય તેમ લાગી રહ્યું છે.ત્યારે પોલીસના હાથે સાયકલ ચોર ટોળકી ક્યારે હાથમાં આવે છે તે જોવુ રહ્યું..

## બોરીજના વિદ્યાર્થીઓએ બેગલેસ કેમ્પઈન અંતર્ગત IAR યુનિવર્સિટીની મુલાકાત લીધી




ગાંધીનગર, તા. ૧૩

તાજેતરમાં ગાંધીનગર જિલ્લાની સરકારી પ્રાથમિક શાળા બોરીજના ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓના જૂથે બેગલેસ કેમ્પઈન અંતર્ગત ઉચ્ચ શિક્ષણ, સ્કીલ એજ્યુકેશન સંશોધન વિગેરે અંગે માહિતી મેળવવા માટે ઈન્સ્ટિટ્યુટ ઓફ એડવાન્સ રીસર્ચ યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓને ઉપલબ્ધ વિવિધ શૈક્ષણિક અને મનોરંજન સુવિધાઓ વિશે શીખવા માટે વિદ્યાર્થીઓને કેમ્પસનો પ્રવાસ કરાવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને ફેકલ્ટી અને સ્ટાફ સાથે મળવાની અને યુનિવર્સિટીની શૈક્ષણિક અને ઈત્તર પ્રવૃત્તિ વિશે પ્રશ્નો પૂછવાની તક પણ મળી હતી. બોરીજ પ્રાથમિક શાળાના ત્રણ શિક્ષક ગણ સાથે ૩૦ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી જેમાં યુનિવર્સિટી વિદ્યાર્થીઓ જાનવી, કનિષ્કા, કરિશ્મા, રાજ, વેદ અને રિમ્પલ દ્વારા લેબ વિઝિટ કરાવવામાં આવી હતી. આ મુલાકાત વિદ્યાર્થીઓ માટે એક અમૂલ્ય અનુભવ હતો. કારણ કે તેનાથી તેઓને યુનીવિર્સિટીનું જીવન કેવું છે તેની વધુ સારી સમજ મળી હતી.

IAR યુનિવર્સિટી ઉચ્ચ શાળાના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ ગુણવત્તાની શૈક્ષણિક તકો પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે અને ભવિષ્યમાં આ મુલાકાતોનું આયોજન કરવાનું ચાલુ રાખવા માટે ઉત્સુક છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હાર્દિક પટેલ, નિલેશ પટેલ દ્વારા રજીસ્ટ્રાર ડૉ. મનિષ પરમાર તથા પ્રેસિડેન્ટ પ્રોફેસર રાવ ભામિદિમારીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યુ હતુ.

## ડભોડિયા હનુમાનજી મંદિરના પૂર્વ મહંતની સ્મૃતિમાં ડભોડા બંધ રહ્યું




ગાંધીનગર,તા.૧૩

શ્રી ડભોડિયા હનુમાનજી મંદિરના પૂર્વ મહંત શ્રી જુગલદાસજી મહારાજ ની યાદમાં ડભોડા ખાતે પાકી રાખવામાં આવી હતી ૧૦૦૦થી પણ વધુ વેપારીઓએ સજ્જડ બંધ પાળ્યો હતો. પાકીના દિવસે નાના-મોટા તમામ વેપારીઓ પોતાના રોજગાર ધંધા બંધ રાખીને જુગલદાસ મહારાજને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે લોકમાન્યતા મુજબ સ્વ. જુગલદાસ મહારાજના આશીર્વાદથી આજે પણ ડભોડા ના ખેતી પાકોમાં તીડ કે કાતરા જેવી જીવાતો નો ઉપદ્રવ આજ દિન સુધી ક્યારે વર્તાયો નથી પૂર્વે પાકિસ્તાન સિંધમાંથી આવેલા તીડના ટોળાઓએ ગુજરાતના ખેતી પાકોને વ્યાપક નુકસાન પહોંચાડ્યું હતું ત્યારે પણ ગાંધીનગર જિલ્લામાં પણ નુકસાન પહોંચ્યું હતું તે સમયે માત્ર ડભોડા ગામની સીમમાં તીડ કે કાતરાનો ઉપદ્રવ ની અસર થઈ નહોતી આશરે ૧૫૦ વર્ષ પૂર્વે થઈ ગયેલા મહારાજના આશીર્વાદનો આજે પણ યથાવત જોવા મળે છે હનુમાનજી મંદિર ખાતે પૂજા અર્ચના કરવામાં આવી હતી

## ચેખલારાણી ગામના ૫૦ માઈભક્તો અંબાજી ૫૧ શક્તિપીઠ ગબ્બરના દર્શનાર્થે રવાના




ચિલોડા, તા. ૧૩

શ્રી ૫૧ શક્તિપીઠ અંબાજી ગબ્બર પરિક્રમા મહોત્સવ તા. ૧૨ થી ૧૬ ફેબ્રુઆરી પાંચ દિવસીય અંબાજી દર્શનનો અનેરો લ્હાવો લેવા ગાંધીનગર તાલુકાના ચેખલારાણી ગામના સરપંચ ઘનશ્યામસિંહની ઉપસ્થિતિમાં એક એસ.ટી. બસની સુવિધા દ્વારા ૨૯ પુરૂષો અને ૨૧ મહિલાઓ મળી કુલ ૫૦ માઈભક્તો વહેલી સવારે બસમાં ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવમાં દર્શનાર્થે ખૂબજ શ્રદ્ધાપૂર્વક યાત્રાળુ જોડાયા હતા.

## ગાંધીનગરનું માતૃછાયા નારી સંરક્ષણ ગૃહ સ્વધાર મહિલાઓનો આધાર બન્યું

**તકલીફમાં શરણે આવેલી મહિલાઓને આશ્રયની સાથે સાથે અપાય છે કુટુંબ જેવો જ પ્રેમ અને હૂંફ : આશ્રિત બહેનોને સ્વાવલંબી બનાવવા સંસ્થા દ્વારા ભરતગૂંથણ, સિવણ વગેરે શીખવવામાં આવે છે.**






ગાંધીનગર,તા.૧૩

ભારતીય સભ્યતાનું વિશિષ્ટ વ્યક્તિત્વ એટલે ભારતીય નારી. પૌરાણિક કાળથી લઈને આજદિન સુધી ભારતીય નારીએ પુરુષના ખભ્ભાથી ખભ્ભો મિલાવીને ન કેવળ પોતાના કુળને તાર્યા છે પણ દેશ અને સમાજ માટે પોતાનું આયખું ગાળીને પોતાની આવનારી પેઢીઓ માટે ઉદાહરણ પૂરા પાડયા છે. સમાજ માટે જીવનારી 'હિન્દ કી નારી' ગમે તેવા સંજોગો સામે લડીને પણ સૌની ઉદ્ધારક બની છે. આજના આધુનિક યુગમાં મહિલાઓ દરેક ક્ષેત્રમાં પહોંચી છે ત્યારે સમાજમાં એવા લોકો પણ છે જે મહિલાઓના સામર્થ્યને પારખવામાં ભૂલ કરીને તેને રંજાડવાનો નઠારો પ્રયાસ કરે છે. ઉત્તરપ્રદેશની રમા (નામ બદલેલ છે) સાથે એમના સ્વજનોએ કંઈક આવું જ કર્યું.

ઉત્તરપ્રદેશની રમાના સુખમય ઘર સંસારનેપતિના વ્યસને છિન્નભિન્ન કર્યો અને રમા તેમજ તેની બે ફૂલ જેવી દિકરીઓનું જીવન પણ અંધારામાં ગયું. પતિનો ત્રાસ હદપાર ગયો ત્યારે પતિ સાથેના સંબંધ તૂટ્યાં અને દિયર સાથે ઘર સંસાર માંડી ગુજરાતમાં કામ અર્થે સ્થાયી થઈ ગયા. રમાને દિયરથી એક પુત્ર થયો. પણ તેનો દિયર પણ હવે તેના પતિની જેમ નશો કરીને મારઝૂડ કરવા માંડ્યો હતો. રમા ભીતરથી સાવ તૂટી ગઈ હતી. શું કરવું ને શું ના કરવું એ તેને સમજાતું ન હતું. રમા જે જગ્યાએ કામ કરતી હતી ત્યાંનાં કર્મચારીઓએ જ્યાં સુધી કંઈ સમાધાન ન થાય ત્યાં સુધી ગાંધીનગરના સેક્ટર ૧૨ના નારી સંરક્ષણ ગૃહનો સંપર્ક કરાવી આપ્યો. નારી સંરક્ષણ ગૃહ રમાનું માવતર બનીને આગળ આવ્યું.

## રોટરી કલબ ઓફ ગાંધીનગરની ડીસ્ટ્રીકટ ગવર્નર દ્વારા વિઝીટ




ગાંધીનગર, તા.૧૩

રોટરી કલબ ડીસ્ટ્રીકટ ૩૦૫૪ના ડીસ્ટ્રીકટ ગવર્નર રોટેરીયન ડો.બલવંતસિંહ ચૌરાના, ડીસ્ટ્રીકટ સેક્રેટરી નીરજ અગ્રવાલ તેમજ અન્ય પદાધિકારીઓ દ્વારા રોટરી કલબ ઓફ ગાંધીનગરની મુલાકાત લેવામાં આવી હતી.

જેમાં પ્રમુખ ડો.જગદીશ પટેલ દ્વારા મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ મુલાકાત દરમિયાન મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા કરવામાં આવેલા કામની સમીક્ષા અને પ્રેરણાત્મક ઉદબોધન કર્યું હતું. આસિ.ગવર્નર દીલીપભાઈ પટેલ પણ ઉપસ્થિત રહયા હતા.

રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા સંચાલિત ફીઝીયોથેરાપી સેન્ટરની મુલાકાત લઈ સેવાકાર્યને બિરદાવ્યું હતું. રોટરીયન નીતિન પાદરીયા દ્વારા અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો. દહેગામથી રોટેરીયન પલકભાઈ આસિ.ગવર્નર ૨૩-૨૪ પણ હાજર રહયા હતા.

જશવંત ગાંધી દ્વારા કાર્યક્રમનું સંચાલન કરાયું હતું. કલબના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહયા હતા અને મુલાકાતને સફળ બનાવી હતી. પ્રમુખ અને સેક્રેટરી ડો.પારસ ઉચાટ દ્વારા આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

GNFC
Gujarat Narmada Valley Fertilizers & Chemicals Limited
Tender
ગુજરાતમાં જી.એન.એફ.સી.ના અંદાજીત **૫૯૦૧૮** પ્લાસ્ટીકના 'સી' ક્લાસ તથા **૧૦૪૭૯** નવા વણવપરાયેલ બારદાનનું વેચાણ કરવાનું છે. રસ ધરાવતાં વેપારીઓએ આ જાહેરખબર પ્રસિદ્ધ થયાના દિન-૧૦માં બંધ કવરમાં ક્વોટેશન મોકલી આપવા વિનંતી છે. જેની વધારે વિગતો અમારી વેબસાઈટ www.gnfc.in ઉપર ઉપલબ્ધ છે.

**જાહેર ચેતવણી / નોટીસ**
આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ એમ. જે. દિવાન તે અમારા અસીલશ્રી કાસમભાઈ યુ. મનસુરી રહે : ગાંધીનગરનાઓની સુચના અને ફરમાઈશથી આ ચેતવણી આપી જાહેર જનતાને જણાવીએ છીએ કે...,
અમારા અસલની શ્રી કાસમભાઈ યુ. મનસુરી તથા તેમના મૈયત પત્ની ફતુબેન કે. મનસુરીનાઓની સ્વપાર્જીત મિલ્કત મોજે ગામ પેથાપુરના મકાન નં. ૯૭૧, તરપોજ ચકલા પેથાપુર, તા. જી. ગાંધીનગર ખાતે આવેલ છે. તે મિલ્કતમાં અમોના અસલશ્રીના પૌત્ર ફારૂખ મકસુદ મનસુરી તથા અમન મકસુદ મનસુરીના વંશ વાલી વારસોનો હક્ક હિત હિસ્સો તથા સંયુક્ત માલિકી કબજા ભોગવટાની, વણ વહેચાયેલ હક્ક હિસ્સાવાળી મિલ્કત આવેલ છે. અને તેઓના વારસાઈ હક્ક હિત હિસ્સો પોસાય છે. સદરહુ મિલ્કત સંબંધ અમારા અસલી કે અમારા અસીલ કે તેમના પૌત્રની સહી સંમતિ વિના કોઈપણ જાતના વેચાણ, ગીરો બક્ષીસના કરારો કરે કરવા નહી. અને જો કોઈપણ ઈસમ સદરહુ મિલ્કત સંબંધ વેચાણના કરારો કરશે તો તેની તમામ જવાબદારી જે તે ઈસમની રહેશે. અન્ય કોઈપણ પ્રકારના વ્યવહારો કરશે તો અમારા અસીલની કોઈપણ જવાબદારી રહેશે નહીં. અને જે તે ઈસમની રહેશે. જે અમો આ જાહેર ચેતવણી આપી જાહેર કરીએ છીએ.
તા. ૧૩/૨/૨૦૨૩
ગાંધીનગર
અમારી મારફતે
સહી/-
એમ. જે. દિવાન
એડવોકેટ
પ્લોટ નં. ૪૮૦/૨, સેક્ટર-૧૨/બી, ગાંધીનગર